ગુજરાતી ધોરણ : 8 પ્રથમ સત્ર

પાઠ - 5 ખોટા જવાબ એકમ ટેસ્ટ કુલ ગુણ ૨૫

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. [૫ ગુણ]**

૧. 'ખોટો જવાબ' પ્રસંગકથાના લેખક કોણ છે? ............................................................

૨. લેખક ફાધર વાલેસનો જન્મ કયા દેશમાં થયો હતો? ............................................................

૩. આ પ્રસંગકથામાં પરીક્ષાના દૃષ્ટાંત દ્વારા કઈ વાત કરવામાં આવી છે?

........................................................................................................................................................

૪. છોકરાએ ગણિતના દાખલાનો સાચો જવાબ શું મેળવ્યો હતો? ..................................................

૫. છોકરાએ કોના કહેવાથી પોતાનો સાચો જવાબ ચેકીને ખોટો લખ્યો?

**પ્રશ્ન ૨. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. [૫ ગુણ]**

(આત્મવિશ્વાસ, ગણિત, વ્યક્તિત્વ, પસ્તાવો, ઉત્તરપત્ર)

૧. છોકરાં પરીક્ષાનું ______ લખતાં હતાં.

૨. ______નો દાખલો હતો.

૩. એના ગુણ કરતાં અને પરીક્ષા કરતાં બીજા એક વધારે અગત્યનો ગુણ એ છોકરાના દિલમાંથી જતો રહેતો હતો એની ચેતવણી મળી. એ ગુણ ______ નો ગુણ.

૪. ગણિતનો પ્રશ્ન ન હતો, ______ નો જ હતો.

૫. એ છોકરાને આજે ______ છે.

---

**પ્રશ્ન ૩. નીચે આપેલા ગદ્યખંડને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. [૫ ગુણ]**

છોકરો દાખલો ગણે, ફરી વાર ગણે, ખાતરી કરી લે, સાચો જવાબ લખે, પણ બાજુમાં બેઠેલો છોકરો અમસ્તું બીજું કહે એટલે તરત પોતાનું ચેકી નાખે અને બીજું લખે, પોતાનો વિશ્વાસ નથી, પોતાનું માન જ નથી. પોતાની ગણતરી કરતાં બીજાની વાત સાચી, પોતાની ખાતરી કરતાં બીજાની ભૂલ સારી. એમાં પિતાની બુદ્ધિનું અપમાન છે, પોતાના વ્યક્તિત્વનો દ્રોહ છે. બીજા છોકરાને કેમ પૂછવું પડ્યું? એમ તે એ બીજો છોકરો વધારે હોશિયાર નહોતો. એને પૂછવાથી કોઈ ખાતરી ન થાય. તો કેમ પૂછવું પડયું? ટેકો જોઈતો હતો એટલા માટે. પોતાને વિશ્વાસ ન હતો એટલા માટે. પોતાની વાત કરતાં બીજા કોઈની વાત એ માનવા તૈયાર હતો એટલા માટે. બીજા

કહે એ સાચું, ને હું કહું એ ખોટું. બીજાની સૂચના સાચી અને મારી ગણતરી ખોટી. મહેનત કર્યા પછી મારો જે જવાબ આવે એ ભૂંસી નાખું ને કોકના સહેજ નિર્દેશથી મળેલો જવાબ મૂકી દઉં. એટલે કે મારે હાથે થયેલું મારું અવમૂલ્યન છે, મારું અપમાન છે, મારું રાજીનામું છે.

૧. છોકરો ક્યારે પોતાનો જવાબ ચેકી નાખતો હતો? ..................................................

૨. પોતાના પર વિશ્વાસ ન હોવાને લેખક શું કહે છે? ..................................................

૩. છોકરાને બીજા છોકરાને શા માટે પૂછવું પડ્યું? ........................................................

૪. પોતાની મહેનત પછી મેળવેલો જવાબ ભૂંસી નાખી બીજાનો જવાબ લખવાને લેખક શું ગણાવે છે? ..........................................................................................

૫. આ ગદ્યખંડ લેખકના કયા વિચારને સ્પષ્ટ કરે છે?..................................................

**પ્રશ્ન ૪. સૂચના મુજબ કરો.** [૫ ગુણ]

**૧. નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

ઠંડે કલેજે: અર્થ: વાક્ય:

**૨. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

વ્યક્તિની ખાસિયતો અને એના ગુણ લક્ષણો:

**૩. નીચે આપેલા શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.** વિશ્વાસ x ______

**૪. આ પાઠના આધારે 'આત્મવિશ્વાસનો અભાવ' એટલે શું તે સમજાવો.** ..............................

**૫. નીચેના શબ્દોમાંથી કયો શબ્દ સ્વરાંત નથી તે શોધીને લખો.**

અષાઢ, તણખલું, અતિથિ, સાક્ષાત્ ..............................................................................

**પ્રશ્ન ૫. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.** [૫ ગુણ]

૧. 'ગણિત પાકું હતું પણ વ્યક્તિત્વ કાચું હતું' - આ વિધાન પાઠના આધારે સમજાવો.

..........................................................................................................

..........................................................................................................

૨. તમારા જીવનમાં ક્યારેય આત્મવિશ્વાસના અભાવે કોઈ તક ગુમાવી હોય તેવો અનુભવ કહો અને તેમાંથી તમે શું શીખ્યા?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

shikshansagar.com